
### ગિરનારની તળેટીમાં કાળમુખો સિંહ ત્રાટક્યો, તંત્રની બેદરકારી સામે ગ્રામજનોમાં ભારે રોષ

# મોદજ ગામ હિબકે ચઢ્યું, માસૂમ મયુરને અશ્રુભીની વિદાય અપાઈ

**હજારોની** મેદની વચ્ચે ૧૨ વર્ષના બાળક, ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે સાંત્વના પાઠવી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

જૂનાગઢના ગિરનાર પર્વતની તળેટીમાં સિંહના હુમલાનો શિકાર બનેલા મહેમદાવાદ તાલુકાના મોદજ ગામના ૧૨ વર્ષીય માસૂમ મયુર ચૌહાણના અવશેષો આજે વતન પહોંચતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. શ્રદ્ધા સાથે ગયેલા પરિવાર પર કાળનો પંજો એવો ત્રાટક્યો કે માસૂમ પુત્રના માત્ર અવશેષો જ ઘરે પરત આવ્યા હતા, જેને જોઈ પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

મોદજ ગામથી આશરે ૪૦ જેટલા શ્રદ્ધાળુઓ ગિરનાર દર્શનાર્થે ગયા હતા. વહેલી સવારે તળેટીના માંડ ૫૦ જેટલા પગથિયાં ચડ્યા હશે ત્યાં જ અચાનક એક સિંહે મયુર પર હુમલો કરી તેને જંગલના ઊંડાણ વિસ્તારમાં ખેંચી ગયો હતો. વન વિભાગની ટીમને શોધખોળ બાદ બાળકના માત્ર અવશેષો જ મળી આવ્યા હતા.

મોદજ ગામે રવિવારે યોજાયેલી મયુરની અંતિમયાત્રામાં હજારો લોકો ઉમટી પડ્યા હતા અને પડોશીઓ તથા સ્નેહીજનોના હૈયાફાટ રુદનથી ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ ઘટનાને પગલે વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ જોવા મળ્યો છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, જો તળેટી વિસ્તારમાં પૂરતી લાઈટની વ્યવસ્થા હોત તો કદાચ આ ભયાનક ઘટનાને ટાળી શકાઈ હોત.

આ ઘટનાની જાણ થતાં જ મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ મોદજ ગામે દોડી આવ્યા હતા અને શોકગ્રસ્ત પરિવારને સાંત્વના આપી હતી. તેઓ બાળકની સ્મશાનયાત્રામાં પણ સહભાગી થયા હતા અને પીડિત પરિવારને સરકાર તરફથી મળવાપાત્ર આર્થિક સહાય સત્વરે મળી રહે તે માટે ખાતરી આપી હતી. હાલમાં ગ્રામજનો અને પરિવાર એકસૂરે જવાબદારો સામે કડક કાર્યવાહી અને ન્યાયની માંગ કરી રહ્યા છે.

### મુથૂટ બેંકનાં સીલબંધ પેકેટમાંથી બગસરાનું નકલી સોનું નીકળ્યું

# ઉમરેઠ: ગઠિયાએ સસ્તા સોનાની લાલચ આપી લાખોનું ફુલેકું ફેરવ્યું

**એનઆરઆઈ** અને સ્થાનિક યુવાનો પાસેથી લાખો રૂપિયા પડાવી ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

ઉમરેઠ શહેરમાં મુથૂટ ફિનકોર્પ બેંકમાંથી સસ્તા ભાવે ઓક્શનનું (હરાજીનું) સોનું ખરીદી બજાર ભાવે વેચી મોટો નફો કરાવવાની લોભામણી લાલચ આપી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરનાર વસીમુદ્દીન ઇકરામુદ્દીન કાઝી સામે આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ ઠગે માત્ર એક ફરિયાદી પાસેથી ૧૪.૫૦ લાખ પડાવ્યા હતા, જ્યારે ગામના અન્ય ૨૬ જેટલા લોકો પણ આ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું બહાર આવ્યું છે.

લોન કન્સલ્ટન્સી ચલાવતા ફરિયાદી મોહંમદપરવેઝ કાઝીને વસીમે વિશ્વાસમાં લઈ ૨૧ દિવસમાં ઊંચા વળતરની લાલચ આપી ૧૪.૫૦ લાખ રોકડા અને બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા મેળવ્યા હતા. જોકે, સમય મર્યાદા પૂરી થતા જ્યારે પૈસાની માંગણી કરવામાં આવી, ત્યારે વસીમે બેંક એકાઉન્ટ બ્લોક થયાનું બહાનું કાઢી મુથૂટ બેંકનું સીલબંધ બકેટ (થેલી) આપ્યું હતું અને તેને ન ખોલવાની તાકીદ કરી હતી.

આ છેતરપિંડીનો ભોગ બનનાર અન્ય એક વ્યક્તિ મહંમદભાઈ વ્હોરાએ આવું જ એક પેકેટ ખોલતા તેમાંથી બગસરાનું નકલી સોનું મળી આવ્યું હતું. વસીમે પકડાઈ જવાના ડરે ઈમોશનલ બ્લેકમેઈલિંગનો પણ સહારો લીધો હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે વસીમે ઉમરેઠના અને હાલ લંડન, કેનેડા તેમજ મોરેશિયસ રહેતા NRI સહિત ૨૬ થી વધુ સ્થાનિક યુવાનોને રોકાણના બહાને લાખો રૂપિયાની ટોપી પહેરાવી છે. આરોપી વસીમ કાઝી ગત ૮મી મે ના રોજ સવારથી ઘરેથી ફરાર થઈ ગયો છે. હાલ ઉમરેઠ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## વડતાલધામને ૧ લાખ ડોલરની કોમ્યુનિટી વાન અર્પણ કરી



ઓસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સ રાજ્યના રિવર્સટોન વિસ્તારના ધારાસભ્ય વોરેન કિર્બીએ વડતાલધામ સીડની સંસ્થાને ૧ લાખ ડોલરની કિંમતની કોમ્યુનિટી વાન અર્પણ કરી છે. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ વાન એવા વડીલો, સ્વયંસેવકો અને સત્સંગીઓને મંદિરે લાવવામાં મદદરૂપ થશે જેઓ પોતાની જાતે આવી શકતા નથી. તેમણે વડતાલધામ સીડની દ્વારા કરવામાં આવતા અન્નદાન, રક્તદાન કેમ્પ અને અન્ય સેવાકીય કાર્યોની પ્રશંસા કરી હતી.આ ઉદ્ઘાટન પ્રસંગે વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભ સ્વામી, મુખ્ય કોઠારી દેવપ્રકાશ સ્વામી, સેક્રેટરી સંજયભાઈ પટેલ તથા અન્ય સંતો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદથી ઓસ્ટ્રેલિયાના સીડની, મેલબોર્ન, પર્થ અને એડીલેટ જેવા શહેરોમાં શાખા મંદિરોના નિર્માણ થઈ રહ્યા છે.

### પ્રદેશ નેતૃત્વની ઉપસ્થિતિમાં ચૂંટણી માટેની વ્યુહરચના તૈયાર કરી કાર્યકરોનો જુસ્સો વધાર્યો

# કપડવંજમાં વિધાનસભાની ચૂંટણીનો હુંકાર: કોંગ્રેસની સમીક્ષા બેઠક યોજાઈ

**પૂર્વ મંત્રી બિમલ શાહ** અને રામકિશન ઓઝા હાજર રહ્યાં



(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૨

કપડવંજ કોંગ્રેસ કાર્યાલય ખાતે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની પૂર્વતૈયારીઓના ભાગરૂપે સંગઠન સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રદેશ નેતૃત્વની ઉપસ્થિતિમાં ચૂંટણી માટેની વ્યુહરચના તૈયાર કરી કાર્યકરોનો જુસ્સો વધારવામાં આવ્યો હતો.

કપડવંજમાં કોંગ્રેસ સંગઠનને મજબૂત બનાવવા અને આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ના લક્ષ્યાંક સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એઆઈસીસી સેક્રેટરી અને મંત્રી રામકિશન ઓઝાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અગ્રણી અને પૂર્વ મંત્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્ય કાળુસિંહ ડાભી, રંગીતસિંહ પરમાર, કૈલાસબેન, દિલીપ સિંહ, ઘનશ્યામભાઈ પરમાર, ભરતસિંહ પરમાર, તેમજ મહેન્દ્રસિંહ રાણા સહિતના અગ્રણી હોદ્દેદારો મંચસ્થ રહ્યા હતા.

આ બેઠક દરમિયાન ૨૦૨૭ની ચૂંટણી જીતવા માટે જરૂરી વ્યુહરચના અને પાયાના સ્તરે સંગઠન મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પૂર્વ મંત્રી બિમલ શાહ, રામકિશન ઓઝા અને પૂર્વ ધારાસભ્ય કાળુસિંહ ડાભીએ પ્રસંગોચિત ઉદબોધન આપ્યા હતા, જેમાં તેમણે કાર્યકરોને અત્યારથી જ જનતા વચ્ચે જઈને ચૂંટણીની તૈયારીઓમાં લાગી જવા આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કપડવંજ તાલુકા અને શહેરના કોંગ્રેસી કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેના કારણે કાર્યાલય ખાતે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં સંગઠનને વધુ વેગવંતું બનાવવા માટેની રૂપરેખા પણ આ બેઠકમાં તૈયાર કરવામાં આવી હતી.

# ખેડાના નીલકંઠ મહાદેવ મંદિરે 'ચાદરવિધિ' મહોત્સવ યોજાશે

**દ્વારકા શારદા** પીઠાધીશ્વર સદાનંદ સરસ્વતીજી આશીર્વચન પાઠવશે

(પ્રતિનિધિ) ખેડા તા.૧૨

ખેડા સ્થિત નીલકંઠ મહાદેવના આંગણે આગામી સમયમાં એક દિવ્ય અને મંગલમય ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે. દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજની પાવન ઉપસ્થિતિમાં પૂજ્ય સંત કનૈયાનંદજીનો મંગલ 'ચાદરવિધિ' કાર્યક્રમ સંપન્ન થશે. નીલકંઠ મહાદેવ યુવા સમિતિ, ખેડા દ્વારા આ સમગ્ર પાવન પ્રસંગનું સુંદર સંચાલન કરવામાં આવી રહ્યું છે.

ખેડામાં આયોજિત આ દિવ્ય પ્રસંગની વિગતો અનુસાર, જગતગુરુ શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજીનું આગમન સવારે 11 કલાકે થશે. કાર્યક્રમના પ્રારંભમાં પૂજ્ય ગુરુદેવનું શાસ્ત્રોક્ત વિધિથી પાદુકા પૂજન કરવામાં આવશે. ત્યારબાદ, ગુરુદેવ પોતાના મંગલ પ્રવચન દ્વારા ઉપસ્થિત ભાવિકોને આશીર્વચન પાઠવશે. આ આશીર્વચન બાદ જગતગુરુના વરદ હસ્તે પૂજ્ય સંત કનૈયાનંદને મંગલ ચાદર અર્પણ કરવાની વિધિ કરવામાં આવશે.

નીલકંઠ મહાદેવ યુવા સમિતિ દ્વારા સનાતન ધર્મપ્રેમી જનતાને આ દિવ્ય દર્શન અને સત્સંગનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સમિતિ દ્વારા પધારેલા તમામ ભક્તો માટે મહાપ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વાસદની SVITના એનસીસી કેડેટ યુતિ શર્માએ રાજ્ય સ્તરની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો



**આણંદ** | ભાવનગર ખાતે આયોજિત ગુજરાત રાજ્યની એનસીસી એર વિંગ-૩ ઇન્ટર ગ્રુપ કોમ્પિટિશનમાં ૧૨૦થી વધુ કેડેટ્સ વચ્ચે એસવીઆઈટી વાસદની યુતિ શર્માએ એકેડેમિક્સમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીત્યો છે. આ રાજ્ય સ્તરની સ્પર્ધામાં ડ્રિલ, શૂટિંગ અને ટેન્ટ પીચિંગ જેવી વિવિધ શ્રેણીઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુતિએ પોતાની શ્રેષ્ઠ પ્રતિભા સાબિત કરી હતી. યુતિની આ ભવ્ય સિદ્ધિ બદલ સંસ્થાના અધ્યક્ષ શ્રી ભાવેશભાઈ પટેલ, આચાર્ય ડો. ડી.પી. સોની અને સમગ્ર એસવીઆઈટી પરિવારે તેને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદની આઈજે પટેલ બી.એડ્. કૉલેજના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કક્ષાએ ડંકો વગાડ્યો



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ.જે. પટેલ બી.એડ્. કોલેજના સેમ-૪ ના પરિણામમાં અમીષા પરમારે યુનિવર્સિટીમાં ૯મો અને હેતલ પરમારે ૧૦મો ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજ કક્ષાએ અમીષા પરમાર, સચિન કટારીયા અને દર્શના રાઠવા પ્રથમ ક્રમે, જ્યારે શબનમબાનું મોઘલ અને હેતલ પરમાર દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ વર્ષે ૯૦% થી વધુ ગુણ સાથે ૬૩ વિદ્યાર્થીઓ અને ૮૦% થી વધુ ગુણ સાથે ૪૦ પ્રશિક્ષણાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી છે. આ ભવ્ય સફળતા બદલ મંડળના મંત્રી કેતનભાઇ પટેલ અને આચાર્ય ડો. યજ્ઞેશભાઈ પુરોહિત સહિતના સ્ટાફ પરિવારે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની સ.વ.પટેલ હાઇસ્કૂલ ખેતીવાડીમાં જાગૃતિ સેમિનાર-શપથ ગ્રહણ યોજાયા



**આણંદ** | સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ, ખેતીવાડી ખાતે જિલ્લા રોજગાર અધિકારીના માર્ગદર્શન હેઠળ 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને નશાના વિવિધ પદાર્થોથી થતા ગંભીર દુષ્પ્રભાવો વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સ્વયં વ્યસન ન કરવા અને સમાજના અન્ય લોકોને પણ નશાની લતમાંથી મુક્ત કરાવવા માટેના સંકલ્પ-શપથ લીધા હતા. આ કાર્યક્રમના અંતે આચાર્ય યોગેશભાઈ પટેલે વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરી આ ભગીરથ કાર્યમાં સહભાગી થવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

### પીએમ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સના છાત્રોએ વાઈબ્રન્ટ ગુજરાતની મુલાકાત લીધી



**આણંદ** | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી. એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એકનોલોજી, આણંદના બીસીએના સ્ટુડન્ટ્સ માટે સ્ટાફ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ખાતે આયોજિત પ્રદર્શનની મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા જીએસએફસી યુનિવર્સિટી ખાતેની આ મુલાકાત માટે કા. આચાર્ય (ડો.) રવિ બી. પટેલ અને પ્રા. સંજયભાઈ પટેલના આયોજન સાથે આ મુલાકાતથી વિદ્યાર્થીઓને રોજગારી અને ઉચ્ચ અભ્યાસની નવી તકો માટે માહિતી અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બે દિવસીય યોગ શિબિરનું ભવ્ય આયોજન કરાયું



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણીના ભાગ રૂપે તા. ૧૯-૨૦ જૂન દરમિયાન બે દિવસીય યોગ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. એન.આઇ. શાહના માર્ગદર્શન હેઠળ આયોજિત આ શિબિરમાં યુનિવર્સિટીના અધિકારીઓ, વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો અને NCC કેડેટ્સએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આર્ટ ઓફ લીવીંગના યોગ પ્રશિક્ષકો દ્વારા ઉપસ્થિત સૌને વિવિધ આસન, પ્રાણાયામ અને ધ્યાનનું માર્ગદર્શન આપીને યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન યોગ અંગે લોકજાગૃતિ કેળવવા સાથે તમામ સહભાગીઓએ યોગને રોજબરોજના જીવનનો ભાગ બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### સીવીએમ યુનિ.ની ADIT અને જીસેટ કોલેજની રોબોટિક્સ ટીમ નેશનલ ફાઇનલ્સમાં ક્વોલિફાય



**આણંદ** | ચારુતર વિદ્યામંડળ સંચાલિત એડીઆઈટી અને જીસેટ કોલેજની ટીમોએ દેશની પ્રતિષ્ઠિત 'ડીડી-રોબોકોન ૨૦૨૬' ની ફાઇનલમાં સ્થાન મેળવી સમગ્ર ગુજરાત અને ચરોતરનું નામ રોશન કર્યું છે. આઈઆઈટી દિલ્હી ખાતે યોજાનાર આ રાષ્ટ્રીય ફાઇનલ્સમાં દેશની શ્રેષ્ઠ ૪૦ ટીમો વચ્ચે સ્પર્ધા થશે, જેમાં એડીઆઈટીએ ૯૩ અને જીસેટએ ૮૫ના સ્કોર સાથે શાનદાર પ્રવેશ મેળવ્યો છે. આ ઉપરાંત, GCETની 'ટીમ વાસુકી'એ 'રોબોફેસ્ટ ૫.૦' માં રાજ્યમાં દ્વિતીય સ્થાન અને MBIT કોલેજે રનર્સઅપ રહી લાખોના રોકડ પુરસ્કારો જીતી ઈજનેરી કૌશલ્ય સાબિત કર્યું છે.

### મોટા ખાનપુર ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંતર્ગત જન કલ્યાણ શિબિર યોજાઈ



**ખાનપુર** | મહીસાગરના મોટા ખાનપુર ખાતે વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ શાસનની ઉજવણીના ભાગરૂપે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અને જન કલ્યાણ શિબિરનું ભવ્ય આયોજન કરાયું હતું. આ શિબિરમાં છેવાડાના નાગરિકોને આયુષ્માન કાર્ડ, પીએમ આવાસ અને ઉજ્જવલા જેવી વિવિધ યોજનાઓના લાભો ૧૦૦ ટકા પહોંચાડવાનો સેચ્યુરેશન અભિગમ અપનાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના સ્ટોલ્સ દ્વારા માર્ગદર્શન આપી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સ્થળ પર જ વિવિધ યોજનાકીય મંજૂરી પત્રો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં.

### ચારુસેટ યુનિ.માં ડ્રગ ડિસ્કવરી ક્ષેત્રે 'ઓમિક્સ ટેકનોલોજી' પર એન્ડોમેન્ટ ચેર કાર્યક્રમ યોજાયો



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટની આરપીસીપી કોલેજ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નિષ્ણાત વક્તા ડો. ઉમા ચંદ્રને ડ્રગ ડિસ્કવરી અને ટ્રાન્સલેશનલ રિસર્ચમાં ઓમિક્સ ટેકનોલોજીના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન સહભાગીઓને ટ્રાન્સક્રિપ્ટોમિક્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને નેટવર્ક ફાર્માકોલોજી જેવા આધુનિક વિષયો પર હેન્ડ્સ-ઓન ટ્રેનીંગ અને પ્રાયોગિક સમજ પૂરી પાડવામાં આવી હતી. સમાપન સમારોહમાં યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે નિષ્ણાત વક્તાનું સન્માન કર્યું હતું અને ડો. નિલય સોલંકી દ્વારા સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

### વસોના પલાણામાં સ્વ સહાય જૂથની મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**નડિયાદ** | ખેડા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલાઓને સરકારી યોજનાઓ, આત્મનિર્ભરતા અને શિક્ષણ અંગે માહિતગાર કરાયા હતાં. મહિલાઓને આરોગ્ય, પોષણ અને લઘુ ઉદ્યોગો દ્વારા આર્થિક રીતે સશક્ત બનવા અને બચતની ટેવ કેળવવા પ્રોત્સાહિત કરવામાં આવી હતી. DHEW સ્ટાફ દ્વારા મહિલાઓ સાથે સંવાદ કરી તેમની સમસ્યાઓ જાણી સરકારી સેવાઓનો લાભ લેવા માટે યોગ્ય માર્ગદર્શન અપાયું હતું.

### કપડવંજની એસ.સી. દાણી સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલનું ડોક્ટરેટની સિદ્ધિ બદલ સન્માન કરાયું



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી. દાણી સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ ડો. વનરાજસિંહ રાઠોડે ડોક્ટરેટની પદવી પ્રાપ્ત કરતા શાળામાં વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઉપસ્થિતિમાં તેમને પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી તેમની શૈક્ષણિક સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રીશ્રીઓ, ટ્રસ્ટીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રિન્સિપાલશ્રીઓએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. ડો. રાઠોડની સંશોધન પ્રત્યેની નિષ્ઠા અને અવિરત મહેનતની પ્રશંસા કરી સૌએ તેમને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

### કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલા દ્વારા માતા-પિતા વિહોણા વિદ્યાર્થીઓને નિ:શુલ્ક ચોપડા વિતરણ



**કપડવંજ** | ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી જરૂરિયાતમંદ અને માતા-પિતા વિહોણા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ વર્ષે પણ કપડવંજ શહેરની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ભાજપના અગ્રણીઓના હસ્તે નિ:શુલ્ક ચોપડાઓનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ લક્ષ્યાંકો નક્કી કરી, શિક્ષણને ઉજ્જવળ ભવિષ્યનું સાધન બનાવવા માટે પ્રેરિત કર્યા હતા. આ સેવાકીય પ્રયાસ બદલ શાળા સંચાલકોએ આભાર વ્યક્ત કર્યો હતો.